# રેહાન-જેક્સે ઇંગ્લેન્ડને ન્યૂઝીલેન્ડ સામે જીતાડ્યું

**આદિલ** રશિદ, વિલ જેક્સ અને રેહાન અહેમદે ન્યૂઝીલેન્ડને 7 વિકેટે 159 રન સુધી સિમિત રાખ્યું

**સેમી** ફાઇનલમાં સ્થાન માટે ન્યૂઝીલેન્ડે પાકિસ્તાન-શ્રીલંકાની મેચના પરિણામ સુધી રાહ જોવી પડશે

**અંતિમ** ત્રણ ઓવરોમાં રેહાન અહેમદ અને વિલ જેક્સે 43 રન કરીને ઇંગ્લેન્ડને ચાર વિકેટે જીતાડ્યું



કોલંબો, તા. 27 : ટી-20 વર્લ્ડકપમાં આજે શુક્રવારે અહીં રમાયેલી ગ્રુપ 2ની સુપર એઇટ મેચમાં ઇંગ્લેન્ડના સ્પિનરો આદિલ રશિદ, વિલ જેક્સ અને રેહાન અહેમદે મળીને મિડલ ઓવરોમાં રચેલા સ્પિન ત્રાટકને કારણે ન્યૂઝીલેન્ડની ટીમ સાત વિકેટે 159 રન સુધી સિમિત રહેતા મેળેલા 160 રનના લક્ષ્યાંકને વિલ જેક્સ અને રેહાન અહેમદની અંતિમ ઓવરોની ફટાફટીથી ઇંગ્લેન્ડે છ વિકેટે 19.3 ઓવરમાં કબજે કરીને મેચ ચાર વિકેટે જીત મેળવી હતી.

ઇંગ્લેન્ડ બે રનમાં બે વિકેટ ગુમાવતા તેની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. ત્યારબાદ કેપ્ટન હેરી બ્રુક અને જેકબ બેથેલે 45 રનની ભાગીદારી કરી હતી. આ બંને આઉટ થયા પછી સ્થિતિ બગડી હતી, જો કે 17મી ઓવરમાં રેહાન અને જેક્સે મળીને 22 રન લીધા હતા અને તે પછી સેન્ટનરની ઓવરમાં 16 રન લેતા અંતિમ ઓવરમાં માત્ર પાંચ રન કરવાના આવ્યા હતા અને તે ત્રણ બોલમાં કરીને ઇંગ્લેન્ડે મેચ જીતી હતી.

ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેનારા ન્યૂઝીલેન્ડને તેના ઓપનર ટિમ સૈફર્ટ અને ફિન એલને મળીને 42 બોલમાં 64 રનની ભાગીદારી કરીને મજબૂત શરૂઆત અપાવી હતી. જો કે એલન 19 બોલમાં 29 અને સૈફર્ટ 25 બોલમાં 35 રન કરીને આઉટ થયા પછી ઇંગ્લેન્ડના સ્પિનરોએ મિડલ ઓવરોમાં ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને ખુલીને રમવા દીધા નહોતા. 64 રનની ઓપનીંગ ભાગીદારી પછી બીજી સૌથી મોટી ભાગીદારી 31 રનની રહી હતી તે જ સ્થિતિ વર્ણવી દે છે.

| ન્યૂઝીલેન્ડ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સૈફર્ટ સ્ટ.બટલર બો.રશિદ | 35 | 25 | 3 | 2 |
| એલન કો.બેથલ બો.જેક્સ | 29 | 19 | 0 | 3 |
| રચિન કો.બેથલ બો.રેહાન | 11 | 13 | 1 | 0 |
| ફિલિપ્સ બો.જેક્સ | 39 | 28 | 4 | 1 |
| ચેપમેન સ્ટ.બટલર બો.રશિદ | 15 | 9 | 2 | 0 |
| મિચેલ કો.જેક્સ બો.ડોસન | 3 | 8 | 0 | 0 |
| સેન્ટનર નોટઆઉટ | 9 | 5 | 0 | 1 |
| મેકોન્ચી બો.રેહાન | 14 | 12 | 2 | 0 |
| હેનરી નોટઆઉટ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 3 | | | |
| કુલ (20 ઓવરમાં સાત વિકેટે) | 159 | | | |

વિકેટપતન : 1/64, 2/66, 3/97, 4/123, 5/133, 6/135, 7/152

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 3 | 1 | 24 | 0 |
| લિયામ ડોસન | 4 | 0 | 32 | 1 |
| સેમ કરન | 1 | 0 | 10 | 0 |
| આદિલ રશિદ | 4 | 0 | 28 | 2 |
| વિલ જેક્સ | 4 | 0 | 23 | 2 |
| જેકબ બેથલ | 1 | 0 | 13 | 0 |
| રેહાન અહેમદ | 3 | 0 | 28 | 2 |

| ઇંગ્લેન્ડ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સોલ્ટ કો.સૈફર્ટ બો.હેનરી | 2 | 4 | 0 | 0 |
| બટલર કો.સૈફર્ટ બો.ફર્ગ્યુસન | 0 | 2 | 0 | 0 |
| બ્રુક કો.મિચેલ બો.ફિલિપ્સ | 26 | 24 | 3 | 1 |
| બેથલ કો.ફિલિપ્સ બો.રચિન | 21 | 16 | 4 | 0 |
| બેન્ટન કો.ચેપમેન બો.રચિન | 33 | 24 | 3 | 1 |
| કરન કો.ફિલિપ્સ બો.રચિન | 24 | 22 | 2 | 1 |
| જેક્સ નોટઆઉટ | 32 | 18 | 4 | 1 |
| રેહાન નોટઆઉટ | 19 | 7 | 1 | 2 |
| વધારાના | 4 | | | |
| કુલ (19.3 ઓવરમાં છ વિકેટે) | 161 | | | |

વિકેટપતન : 1/2, 2/2, 3/50, 4/58, 5/100, 6/117

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મેટ હેનરી | 2.3 | 0 | 19 | 1 |
| લોકી ફર્ગ્યુસન | 2 | 0 | 14 | 1 |
| મિચેલ સેન્ટનર | 4 | 0 | 29 | 0 |
| કોલ મેકોન્ચી | 1 | 0 | 13 | 0 |
| ગ્લેન ફિલિપ્સ | 4 | 0 | 43 | 1 |
| રચિન રવિન્દ્ર | 4 | 0 | 19 | 3 |
| ઇશ સોઢી | 2 | 0 | 21 | 0 |

## ન્યૂઝીલેન્ડ હારતા પાકિસ્તાન માટે સેમી પ્રવેશની પાતળી આશા જીવંત

**પાકિસ્તાન** પહેલો દાવ લે તો શ્રીલંકાને 64 રનથી હરાવવું પડે બીજો દાવ લે તો રનચેઝ 13.1 ઓવરમાં કરવો પડે

શુક્રવારે રમાયેલી મેચમાં ઇંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડને હરાવતા પાકિસ્તાન માટે સેમી ફાઇનલમાં પ્રવેશ કરવાની સાવ ક્ષીણ આશા રહી છે. હાલની ગ્રુપ 2ની સ્થિતિને જોવામાં આવે તો ન્યૂઝીલેન્ડ આજની મેચ ભલે હાર્યું પણ તેની નેટ રનરેટ ગ્રુપમાં સૌથી વધુ છે. ઇંગ્લેન્ડે તેની ત્રણેય મેચ જીતી છે અને તેની નેટ રનરેટ 1.096 છે જ્યારે ન્યૂઝીલેન્ડની નેટ રનરેટ 1.390 છે. હવે વાત કરીએ પાકિસ્તાનની શક્યતાની તો પાકિસ્તાન પહેલા બેટિંગ કરે તો તેણે શ્રીલંકાને 64 રનથી હરાવવું પડે અને જો શ્રીલંકા પહેલા બેટિંગ કરે તો પાકિસ્તાને રન ચેઝ 13.1 ઓવર સુધીમાં કરવો પડશે. પહેલો દાવ લેવાની સ્થિતિમાં પાકિસ્તાને 230ની આસપાસ સ્કોર કરવો પડે અને બીજો દાવ લેવાની સ્થિતિમાં 13.1 ઓવરમાં જે કોઇપણ ટાર્ગેટ હોય તે ચેઝ કરવો પડશે.

### સુપર એઇટ ગ્રુપ 2 પોઇન્ટ ટેબલ

| ટીમ | મેચ | જીત | હાર | નો રિઝલ્ટ | પોઇન્ટ | નેટ રનરેટ |
|---|---|---|---|---|---|---|
| ઇંગ્લેન્ડ | 3 | 3 | 0 | 0 | 6 | 1.096 |
| ન્યૂઝીલેન્ડ | 3 | 1 | 1 | 1 | 3 | 1.390 |
| પાકસ્તાન | 2 | 0 | 1 | 1 | 1 | -0.461 |
| શ્રીલંકા | 2 | 0 | 2 | 0 | 0 | -2.800 |

# શ્રીલંકાને હરાવવાની સાથે પાકિસ્તાન ઇચ્છશે કે ઇંગ્લેન્ડ ન્યૂઝીલેન્ડને હરાવે

**શ્રીલંકાની** નબળાઇનો પાકિસ્તાન લાભ ઉઠાવવા માગશે પણ તેમની મહેનત તો જ લેખે લાગશે જો ન્યૂઝીલેન્ડ ઇંગ્લેન્ડ સામે ખરાબ રીતે હારે

વર્લ્ડકપ સ્પેશિયલ
- સુનિલ ગવાસ્કર



ટી-20 ટૂર્નામિન્ટ જ્યારે સુપર એઇટ તબક્કાના અંત તરફ હોય છે, ત્યારે તેની સુંદરતા એ છે કે લગભગ દરેક મેચ ટીમો માટે 'જીતવી જ પડે' તેવી હોય છે. ઇંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ સામેની મેચોમાં શ્રીલંકાની બેટિંગ જે રીતે પડી ભાંગી હતી, તેને પાકિસ્તાને જોઇ હશે અને તે મુજબ તેઓ પ્રથમ બેટિંગ કરવી કે ફિલ્ડિંગ, તેની વ્યૂહરચના બનાવશે. ખાસ નોંધવું કે, આ લેખ ઇંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચ પહેલા લખાઇ રહ્યો છે. જો ઇંગ્લેન્ડ આ મેચ જીતશે, તો જ પાકિસ્તાન પાસે સેમીફાઇનલમાં પહોંચવાની થોડી ઘણી તક રહેશે. સેમીફાઇનલમાં પહોંચવા માટે જરૂરી 'નેટ રન-રેટ' કેટલો હોવો જોઇએ, તે જોવા માટે ગણતરીઓ શરૂ થઇ જશે. શ્રીલંકા સામે ન્યુઝીલેન્ડની મોટી જીતે પાકિસ્તાનીઓ માટે કામ મુશ્કેલ બનાવી દીધું છે, કારણ કે શ્રીલંકા સામે પાકિસ્તાનની જીત એટલી મોટી નહોતી.

પરંતુ કહેવાય છે ને કે, 'જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી આશા છે'. પાકિસ્તાની ખેલાડીઓએ શ્રીલંકન ખેલાડીઓની નિરાશાજનક સ્થિતિનો લાભ ઉઠાવવો જોઇએ, જે ન્યુઝીલેન્ડ સામેની હાર બાદ તેમના કેપ્ટનની મીડિયા સાથેની વાતચીતમાં સ્પષ્ટ દેખાતી હતી. શ્રીલંકન કેપ્ટને સરકારને વિનંતી કરી હતી કે સ્ટેડિયમની બહાર કેમેરા લઇને ઉભેલા એવા લોકો જે મેચ જોતા પણ નથી અને ટીમ વિશે નકારાત્મકતા ફેલાવે છે, તેમને અટકાવવામાં આવે.

શ્રીલંકાના ફોર્મમાં રહેલા બે બેટર્સ, પથુમ નિસાંકા અને કુશલ મેન્ડિસ બંને મેચોમાં નિષ્ફળ રહ્યા હતા અને નીચલા ક્રમમાં સ્થિરતા લાવી શકે તેવું કોઇ નહોતું; વળી ગયા વર્ષના સૌથી વધુ રન બનાવનાર કામિન્દુ મેન્ડિસ પણ ફોર્મમાં નથી. બીજી તરફ, શ્રીલંકાની ફિલ્ડિંગ પણ નબળી રહી હતી, જેમાં રન ભેટમાં આપવામાં આવ્યા હતા.

પાકિસ્તાન પોતાની ઇનિંગને વેગ આપવા માટે સાહિબઝાદા ફરહાન પર ઘણું નિર્ભર રહ્યું છે અને ભારત સામેની મેચ સિવાય તેણે સતત રન બનાવ્યા છે. જો પાકિસ્તાને ક્વોલિફાય થવા માટે જરૂરી મોટા અંતરથી જીતવું હોય, તો તેણે ફરીથી સ્કોર કરવો પડશે અને આશા રાખવી પડશે કે તેને બીજા છેડેથી પણ ટેકો મળે. ફખર ઝમાનના સમાવેશથી ચોક્કસપણે મદદ મળી છે, કારણ કે તે આ ફોર્મેટમાં જરૂરી એવા અસામાન્ય શોટ્સ રમી શકે છે. પાકિસ્તાન એવી પણ આશા રાખશે કે શાહીન શાહ આફ્રિદી તેની પ્રથમ ઓવરમાં જ વિકેટ લેવાનું ચાલુ રાખે, ખાસ કરીને નિસાંકાની વિકેટ, જેથી તેઓ શ્રીલંકાને એવા સ્કોર પર રોકી શકે જે તેમના રન-રેટ માટે સારો હોય. જોકે, જો ન્યુઝીલેન્ડ ઇંગ્લેન્ડને હરાવી દેશે, તો તેમના ગ્રુપની છેલ્લી સુપર એઇટ મેચ માત્ર વ્યક્તિગત રેકોર્ડ અને દેશના સન્માન ખાતર રમાતી મેચ બનીને રહી જશે.

## મેટ હેનરીને પેરેન્ટલ લીવ મળી, ઇંગ્લેન્ડ સામેની મેચ પછી ઘરે પરત ફરશે



કોલંબો, તા. 27 (પીટીઆઇ) : ન્યૂઝીલેન્ડનો ઝડપી બોલર મેટ હેનરી શુક્રવારે રાત્રે ઇંગ્લેન્ડ સામેની ટીમની ટી-20 વર્લ્ડકપ સુપર એઇટ મેચ પછી પોતાના બીજા બાળકના જન્મ માટે તેની પત્ની સાથે રહેવા માટે ઘરે પરત ફરશે. ન્યુઝીલેન્ડ ક્રિકેટ (એનઝેડસી)એ જણાવ્યું હતું કે જો ટીમ સેમિફાઇનલમાં પહોંચે તો હેનરી ટુર્નામિન્ટમાં પાછો ફરી શકે છે. મુખ્ય કોચ રોબ વોલ્ટરે હેનરીના નિર્ણયને ટેકો આપ્યો. સૌ પ્રથમ, અમે મેટ અને હોલીને તેમના બીજા બાળકના જન્મ પર હૃદયપૂર્વક અભિનંદન આપવા માંગીએ છીએ. આ તેમના પરિવાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ ક્ષણ છે, અને અમે તેમને શુભકામનાઓ પાઠવીએ છીએ એવું વોલ્ટરે એક નિવેદનમાં જણાવ્યું. જો શુક્રવારે ન્યૂઝીલેન્ડ ઇંગ્લેન્ડને હરાવે છે, તો તેઓ સીધા સેમી ફાઇનલ માટે ક્વોલિફાય થઇ જશે. જો તેઓ હારી જાય છે, તો સેમિફાઇનલમાં તેમનું સ્થાન શનિવારે સહ-યજમાન શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચે સુપર આઠ મેચના પરિણામ પર નિર્ભર રહેશે.

# પાકિસ્તાનની નજર આજે મોટી જીત પર, શ્રીલંકા સન્માનજનક વિદાયની શોધમાં

**સાંજે 7.00** વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

પલ્લેકલ, તા. 27 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં જો અને તોમાં ફસાયેલું પાકિસ્તાન આવતીકાલે શનિવારે જ્યારે અહીં શ્રીલંકા સામે મેદાને ઉતરશે ત્યારે તેની નજર એક મોટી જીત મેળવવા પર રહેશે, આ તરફ સંઘર્ષ કરી રહેલું શ્રીલંકા સન્માનજનક વિદાય મેળવવા માટે કોઈ કસર છોડવા નહીં માગે. પાકિસ્તાનનું પ્રદર્શન અત્યાર સુધી નબળું રહ્યું છે, અને તેઓ તેમના ગ્રુપમાં ત્રીજા સ્થાને છે. આ ગ્રુપમાંથી ઈંગ્લેન્ડ પહેલાથી જ સેમી ફાઈનલ માટે ક્વોલિફાય થઈ ગયું છે, જ્યારે ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન છેલ્લા ચારમાં સ્થાન મેળવવાની દોડમાં છે. શ્રીલંકા તેની પહેલી બે મેચ હાર્યા બાદ સેમી ફાઈનલની રેસમાંથી બહાર થઈ ગયું છે. જ્યારે પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડની વાત આવે છે, ત્યારે કિવી ટીમ સારી સ્થિતિમાં દેખાય છે. પાકિસ્તાન પાસે હાલમાં ફક્ત એક પોઈન્ટ અને નેટ રન રેટ માઈનસ 0.461 છે. આજે શુક્રવારે ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડને હરાવતા પાકિસ્તાન માટે સેમી પ્રવેશની ક્ષીણ આશા બચી છે. ન્યૂઝીલેન્ડ ઈંગ્લેન્ડ સામે હારવા છતાં તેની નેટ રનરેટ ગ્રુપમાં સૌથી વધુ 1.390 છે. હવે સલમાન આગાની આગેવાની હેઠળની ટીમ પાસે શ્રીલંકા પર મોટી જીત નોંધાવીને પોતાની નેટ રનરેટ સુધારીને સેમી પ્રવેશ કરવાની તક રહેલી છે. પાકિસ્તાનના બેટ્સમેનો અને બોલરો માટે સારું પ્રદર્શન કરવું એક પડકાર છે કારણ કે તેઓ અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શક્યા નથી.

# ક્રિકેટર રિંકુ સિંહના પિતાનું લાંબી બિમારી બાદ અવસાન

**રિન્કુના** પિતા લાંબા સમયથી લિવર કેન્સરની બિમારીને કારણે હોસ્પિટલમાં દાખલ હતા

અલીગઢ / નો ઈડા, તા. 27 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટર રિંકુ સિંહના પિતા ખાનચંદ સિંહનું શુક્રવારે વહેલી સવારે ગ્રેટર નોઈડાની એક હોસ્પિટલમાં લાંબી બીમારી બાદ અવસાન થયું હોવાનું પરિવારના સૂત્રોએ જણાવ્યું હતું. 58 વર્ષિય ખાનચંદ સિંહ કેન્સરથી પીડાતા હતા. તેઓ છેલ્લા કેટલાક સમયથી ગ્રેટર નોઈડાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા, એમ હોસ્પિટલના ડોક્ટરોએ જણાવ્યું હતું. ગ્રેટર નોઈડા સ્થિત યથાર્થ હોસ્પિટલના પ્રવક્તા ડૉ. સુનિલ કુમારે જણાવ્યું હતું કે રિંકુના પિતા લીવર કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા. તાજેતરમાં તેમની તબિયત ઘણી બગડી હતી અને તેઓ 21 ફેબ્રુઆરીથી હોસ્પિટલમાં દાખલ હતા. તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા અને આજે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા. રિંકુને તેના પિતાની નાજુક તબિયતને કારણે ટી-20 વર્લ્ડકપમાં અધવચ્ચેથી ઘરે પરત ફરવું પડ્યું હતું.

# ઓસ્ટ્રેલિયન મહિલા ટીમે ભારત સામે સતત 12મી વન ડે સીરિઝ જીતી

હોબાર્ટ, તા. 27 (પીટીઆઇ) : જ્યોર્જિયા વોલની શાનદાર સદીની મદદથી, ઓસ્ટ્રેલિયાએ આજે શુક્રવારે અહીં રમાયેલી બીજી મહિલા વન ડેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતને 83 બોલ બાકી રાખીને પાંચ વિકેટથી હરાવીને ત્રણ મેચની સીરિઝમાં 2-0થી અજેય સરસાઇ મેળવી લીધી, આ સાથે જ ઓસ્ટ્રેલિયા ભારત સામે સતત 12મી વન ડે સીરિઝ જીતવાની સ્થિતિમાં આવી ગયું છે. ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લઇને નવ વિકેટે 251 રન બનાવ્યા. પ્રતિકા રાવલના 81 બોલમાં 52 રનની મદદથી ભારતને મજબૂત શરૂઆત મળી, જોકે, ભારતીય ટીમ વચ્ચેની ઓવરોમાં રન બનાવવામાં નિષ્ફળ ગઈ. ત્યારબાદ હરમનપ્રીતે 70 બોલમાં બે ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 54 રન બનાવ્યા. ઓસ્ટ્રેલિયાએ જ્યોર્જિયા વોલના 82 બોલમાં 13 ચોગ્ગા, એક છગ્ગા સાથે 101 અને ફોબી લિચફિલ્ડના 62 બોલમાં 80 રનની મદદથી 36.1 ઓવરમાં પાંચ વિકેટે 252 રનનો લક્ષ્યાંક સરળતાથી આંબી લીધો હતો. ઓસ્ટ્રેલિયાની શરૂઆત સારી રહી ન હતી અને તેણે પોતાની છેલ્લી ઇન્ટરનેશનલ સીરિઝ રમી રહેલી કેપ્ટન એલિસા હીલીની વિકેટ શરૂઆતમાં જ ગુમાવી દીધી હતી.

# જમ્મુ-કાશ્મીર પહેલું રણજી ટાઇટલ જીતવાની નજીક

**કર્ણાટક** 293 રનમાં ઓલઆઉટ થતાં 291 રનની સરસાઇ મેળવી જમ્મુ-કાશમીરે બીજા દાવમાં 4 વિકેટે 186 રન બનાવી કુલ સરસાઇ 477 રન કરી

હુબલી, તા. 27 (પીટીઆઈ) : અનુભવી ઝડપી બોલર આકિબ નબીની 54 રનમાં પાંચ વિકેટ અને ઓપનર કામરાન ઈકબાલના શાનદાર પ્રદર્શનથી જમ્મુ અને કાશ્મીર શુક્રવારે અહીં ચોથા દિવસે કર્ણાટક સામે મોટી સરસાઇ મેળવીને તેમના પ્રથમ રણજી ટ્રોફી ટાઇટલની નજીક પહોંચી ગયું.

શરૂઆતમાં, નબીએ સીઝનમાં પોતાની સાતમી પાંચ વિકેટ ઝડપીને કર્ણાટકને પ્રથમ ઈનિંગમાં 293 રનમાં ઓલઆઉટ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવીને જમ્મુ અને કાશ્મીરને પ્રથમ ઈનિંગમાં 291 રનની સરસાઈ અપાવી. તે પછી ઈકબાલ નોટઆઉટ 94 રન કરીને પોતાની સાતમી ફર્સ્ટ ક્લાસ અડધી સદી ફટકારી, જેના કારણે જમ્મુ અને કાશ્મીરે બીજા દાવમાં રમતના અંતે ચાર વિકેટે 186 રન બનાવીને કુલ સરસાઈ 477 રન પર પહોંચાડી દીધી હતી.

માજી કેપ્ટન મયંક અગ્રવાલની સદીએ કર્ણાટકની ઈનિંગ્સમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી પણ અન્ય ખેલાડીઓ સારી રીતે રમવામાં નિષ્ફળ ગયા હતા. નબીની પાંચ વિકેટે અગ્રવાલની શાનદાર સદીને ઢાંકી દીધી.

## સુડોકુ - ૭૫૮૪ 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | ૭ | ૯ | | | | ૧ |
| | | ૧ | | ૨ | ૩ | ૪ | | |
| | ૭ | | ૬ | ૪ | ૧ | ૫ | ૩ | |
| ૮ | | ૬ | | | ૭ | | | |
| ૨ | ૧ | ૫ | | | ૮ | | ૪ | ૬ |
| ૭ | | | ૧ | ૬ | ૨ | ૮ | | |
| | | | ૩ | | | | ૧ | ૨ |
| | ૨ | | ૫ | | | ૩ | | |
| ૧ | ૩ | | ૨ | | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### પરમીયો

નિર્બંધિત જાતીય સંસર્ગ આ ભેટ મુકી જાય છે. ધોળી મુસળી 35 g, બેરજો 35g, સોના ગેરુ 10g લઈ છૂટા રાખી વસ્ત્રગાળ દળવા. લોખંડની કઢાઈમા બેરજો ગરમ થવા મુકો. બેરજો ઓગળે એટલે ચૂલો બંધ કરી તેમાં બન્ને ચૂર્ણ ભેળવી લો. એમાંથી પાંચ, પાંચ ગ્રામ ચૂર્ણ લેવું. સાથે 200 ગ્રામ દૂધ મા 200g પાણી ભેળવી તે હૂંફાળું મિશ્રણ પીવાથી સાત દિવસ મા પરિણામ દેખાશે. સાથે ચંદ્રપ્રભા નંબર 1 ની બે બે ગોળી સવાર સાંજ લેવી. ધીરજ રાખવી.

## શબ્દગુંફન - ૭૧૭૯

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. આત્મબુધ્ધિ, નિજી બુધ્ધિ (૬)
૫. વાયુ, હવા (૩)
૭. ધોળાશ પડતું, રૂપાનું (૩)
૮. અનુકરણ (૩)
૧૦. હંમેશ (૨)
૧૧. રાજાને કરાતું સંબોધન (૩)
૧૨. ઔષધિઓ નાંખી તૈયાર કરેલો પાક (૩)
૧૪. રોજગાર (૨)
૧૫. મનોજકુમારની એક ફિલ્મ (૨)
૧૭. દિવસ (૨)
૧૮. મસાલામાં વપરાતાં નાના દાણા (૨)
૧૯. લશ્કરી વહાણ (૪)
૨૧. પગથિયાવાળો કૂવો (૨)
૨૨. અક્કલ (૨)
૨૩. ચેન ન પડવું તે (૪)
૨૫. હોડી (૨)
૨૭. મુસાફરી (૨)
૨૮. ઉપાધિ, દરજ્જો (૨)
૩૦. સમય, વખત (૨)
૩૧. લોટો (૩)
૩૩. મરનારની મિલકતનો હકદાર (૩)
૩૪. ક્રોધ (૨)
૩૫. હોડી, બોલી, કરાર (૩)

**ઊભી ચાવી**
૨. મુસાફિર (૩)
૩. યુક્તિ, આફત (૨)
૪. ગાવાની ઢબ (૩)
૫. બડાઈ, શેખી (૪)
૬. નમ્રતા, નરમાશ (૫)
૮. જગા કે પ્રદેશનો માપસર આલેખ (૩)
૯. શ્રીરામનો પુત્ર (૨)
૧૦. રડવું તે (૨)
૧૩. સંભાળ, માવજત (૪)
૧૪. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૧૬. રમતીલું (૫)
૧૮. ઘોડાગાળો (૩)
૨૦. ચોકીદાર (૪)
૨૪. વપરાશ (૨)
૨૬. દેશી રાજ્ય (૪)
૨૯. શાહીનો ખડિયો (૩)
૩૦. એક ઘાસ (૨)
૩૧. પ્યાલો (૨)
૩૨. સસલું (૨)

## આજનું પંચાંગ

**તા. 28/02/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિઃ** બારસ: 20:45- ગોવિન્દ દ્વાદશી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 09
**નક્ષત્ર :** પુનર્વસુ: 09:36 પછી પુષ્ય
**યોગ :** સૌભાગ્ય **કરણઃ** બવ
**રાશિઃ** કર્ક (ડ,હ)
**દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 07:02 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:41
**નવકારસી :** 07:50
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 18મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 10મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
**રાત્રિનાં ચોઘડિયાંઃ** લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળઃ** સવારે: 09:30 થી 11:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વડીલોની સલાહ માનવી. આર્થિક બાબતે પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. શુભ સમાચાર મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** વાણી પર કાબુ રાખવો. લેવડ-દેવડમાં ધ્યાન અને તમારી વહીવટી કુશળતાની કદર થાય. પ્રવાસ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** ઉત્સાહજનક સમાચાર મળે. ઉઘરાણી આવી શકે છે. કામકાજમાં વિઘ્નો આવે. વિવાદ ટાળવો.

**કર્ક (ડ,હ,):** રાજકીય મદદ મળે. નોકરી-ધંધાર્થે પ્રવાસ અનુકૂળ રહે. સમાજ અને કુટુંબની સમસ્યાનું સમાધાન થાય. આવક વધે.

**સિંહ (મ,ટ,):** હરીફોથી સાવધાન. સમાજસેવાના કામથી શાંતિ મળે. વિદેશના કામ થાય. ગુપ્ત શત્રુઓનો ભય રહે.

**કન્યા (પ,ઠ,ણ,):** વિદ્યાર્થીઓને મદદ મળે. નવા મિત્રોથી સાવધાન, પ્રેમમાં ગેરસમજ થાય. સંતાનોની ચિંતા રહે.

**તુલા (ર,ત,):** આવક વધારવાની યોજનામાં વડીલોનો સાથ મળે. સમાજ અને જાહેર જીવનમાં અશાંતિ વધે.

**વૃશ્ચિક (ન,ય,):** ઉચ્ચ શિક્ષણમાં ભાગ્યનો સાથ મળે. કાયદા બાબતે મદદ મળે. ઉચ્ચ કક્ષાના લોકોની મદદ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** અચાનક અશાંતિ પેદા થાય. ખર્ચા વધે. સરકારી યોજનાનો લાભ મળે. હિત શત્રુઓથી સાવધાન.

**મકર (ખ,જ,):** નોકરી-ધંધામાં આવકની નવી તક ઊભી થાય. સામાજિક કામમાં યશ મળે. પ્રવાસ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આરોગ્ય નરમ રહે. આગ અકસ્માત અને ચોર-લૂંટારુથી સાવધાન ખર્ચા વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. વિદ્યાર્થીઓની ઇચ્છા પૂર્ણ થાય. સંતાનોનાં કામ પાર પડે.

## કોઈ પણ સાલમાં 28 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. આવક વધારવાની યોજનામાં વડીલો કુટુંબીજનોનો સાથ મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. સમાજમાં માન વધે. ઉંમરલાયકના વિવાહ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. નવા નોકરી-ધંધા-વ્યવસાયમાં હરીફોની હેરાનગતિ આવશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવાં ઘર, વાહન, મકાનની યોજના પૂર્ણ થાય. મિત્રો-વડીલોની મદદ સામાજીક, જાયદાદ, જમીન, વારસાના કામમાં મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટ તથા રવિવાર- સોમવાર અને તા. 1,10, 28 એ નવા કામ કરી શકાય. નવેમ્બર-ડિસેમ્બર તથા શુક્રવાર, શનિવાર અને તા. 7,16, 25 એ નવાકામ ટાળવો. કાળા રંગનો ઉપયોગ ટાળવો. સોનેરી રંગનો ઉપયોગ કરવો.

## પશ્ચિમ રેલવે અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેનો વચ્ચે ચલાવશે
ઉધના ⇌ જયનગર ★ ઉધના ⇌ બરૌની

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09041 | ઉધના-જયનગર (અનામત) | 01.03.2026 | 05:45 કલાકે (રવિવાર) | 18:45 કલાકે (બીજા દિવસે) |
| 09042 | જયનગર-ઉધના (અનામત) | 01.03.2026 | 21:45 કલાકે (સોમવાર) | 10:30 કલાકે (બીજા દિવસે) |

**હોલ્ટઃ** ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવળ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છીવકી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, પટના, બખ્તિયારપુર, મોકામા, બરોની, સમસ્તીપુર, દરભંગા અને મધુબની સ્ટેશનની બંને દિશામાં

**કોચઃ** સ્લીપર ક્લાસ કોચીસ.

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09053 | ઉધના-બરૌની (અનામત) | 01.03.2026 | 20:35 કલાકે (રવિવાર) | 05:15 કલાકે (મંગળવાર) |
| 09042 | બરૌની-ઉધના (અનામત) | 02.03.2026 | 14:15 કલાકે (સોમવાર) | 22:00 કલાકે (બીજા દિવસે) |

**હોલ્ટઃ** ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવળ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છીવકી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, પટના, બખ્તિયારપુર અને મોકામા સ્ટેશનની બંને દિશામાં

**કોચઃ** સ્લીપર ક્લાસ કોચીસ.

સમય, હોલ્ટ અને કોચની રચના અંગેની વધુ વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેનો તરીકે દોડશે

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
લાઇક અને અમને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

બધી આરક્ષણ ટિકીટ માટે કૃપા કરીને તમારી મૂળ ઓળખપત્ર સાથે રાખો